# માતાપિતાએ દરવાજો તોડ્યો ત્યારે પુત્રીની લાશ લટકતી હતી

**ગોથાણની** ધો.11ની વિદ્યાર્થિનીએ ફાંસો ખાઇ જીવન ટુંકાવી લીધું

14 વર્ષની સોનલે બોર્ડમાં એ પ્લસ ગ્રેડ મેળવ્યો હતો

સુરતઃ ગોથાણમાં ધોરણ-11ની વિદ્યાર્થિનીએ ફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધું હતું. નોકરી પરથી આવેલી માતાએ દીકરીને લટકતી જોઈને પગ નીચેની જમીન સરકી ગઈ હતી અને તાત્કાલિક તેણીને ડોક્ટર પાસે લઈ ગયા પણ સારવાર મળે તે પહેલા જ મોત થયું હતું.

મળેલી માહિતી મુજબ, મૂળ ભરૂચ જિલ્લાના જંબુસરના વતની ધીરમભાઈ પરમાર હાલમાં ઓલપાડ ગોથાણ ગામમાં આવેલા મણીનગરમાં પત્ની તેમજ 15 વર્ષની એકની એક પુત્રી સોનલ સાથે રહે છે અને કલરકામ કરે છે. જ્યારે તેમના પત્ની સાયણ ઈન્ડસ્ટ્રીઝમાં સફાઈ કામ કરી પરિવારને આર્થિકરીતે મદદરૂપ થાય છે. તેમની પુત્રી સોનલ ઘર પાસે આવેલી સરકારી સ્કૂલના ધોરણ 10માં અભ્યાસ કરતી હતી અને હાલમાં તેએ બોર્ડની પરીક્ષા આપી હતી. જેમાં તેએ એ પ્લસ ગ્રેડ પણ પ્રાપ્ત કર્યો હતો. સોનલ ધોરણ 11માં એડમિશન લેવાની તૈયારી કરી રહી હતી. દરમિયાન ગુરુવારે માતા-પિતા કામ પર ગયા હતા. દરમિયાન સોનલે ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. જ્યારે માતા કામ પરથી ઘરે પરત આવી ત્યારે ઘરનો દરવાજો બંધ હતો. જેથી તેની માતાએ સોનલને ફોન કર્યા હતા. પરંતુ તેણીએ ફોન ઊંચક્યા ન હતા. તેથી તેની માતાએ પાડોશીઓની મદદથી દરવાજો તોડ્યો તો સોનલને ફાંસો ખાધેલી હાલતમાં જોઈ સ્તબ્ધ થઈ ગઈ હતી. બાદમાં માતાએ તાત્કાલિક સોનલને નીચે ઉતારી ઘર નજીકના ખાનગી દવાખાનામાં લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબે સોનલને મૃત જાહેર કરી હતી. સોનલે કયા કારણોસર આપઘાતનું પગલું ભર્યું તે હાલ અકબંધ રહ્યું છે. આ બનાવ અંગેની તપાસ અમરોલી પોલીસના પીએસઆઈ એસ.એફ ભંડેરી કરી રહ્યા છે.

# ઈકલેરા નજીક થયેલી હત્યા કેસમાં આરોપીને આજીવન કેદ

**પત્ની** સાથે પ્રેમની શંકા કરી મારવા આવનારને તેનો જ દંડો ઝૂંટવી મારી નાંખ્યો હતો

સુરતઃ પત્ની સાથે પ્રેમ સંબંધ હોવાની શંકામાં પતિએ કોલસામાં કારખાનામાં સાથે કામ કરનાર આરોપીને લાકડાનાં દંડાથી મારવા જતાં આરોપીએ દંડો છીનવી મૃતકને માર મારી હત્યા કર્યાના કેસમાં સેશન્સ કોર્ટે આરોપીને આજીવન કેદની સજા ફટકારી હતી. આ ઘટના અંગે ફરિયાદ સચીન પોલીસ સ્ટેશને ઓકટોમ્બર ૨૦૨૨મા નોંધાઈ હતી. આ કેસની હકીકત મુજબ ઈકલેરાગામથી ડિંડોલી જવાના રસ્તા પર આવેલ શિવશક્તિ ફાર્મની સામે લલ્લુભાઈના કોલસાના કારખાની બાજુના ખેતરમા પ્રભુભાઈ રૂમાલિયાભાઈ વસાવાની લાશ મળી આવી હતી. આ કેસની તપાસ દરમિયાન કોલસાના કારખાનામાં સાથે કામ કરતાં આરોપી ઈશ્વર ઉર્ફે કોયલા વલ્લભભાઈ વસાવાએ પ્રભુભાઈને લાકડાનાં દંડાથી માર મારી હત્યા કરી હતી. મૃતકની પત્ની સાથે આરોપીનો પ્રેમ સંબંધ હોવાની શંકા રાખી મૃતક દંડો લઈને આરોપીને મારવા જતાં આરોપીએ દંડો છીનવી મૃતકનું ઢીમ ઢાળી દીધું હતું. પોલીસે આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસની સુનાવણી દરમિયાન ફરિયાદ પક્ષે સરકારી વકીલ દિપેશ દવે કેસ પુરવાર કરવામાં સફળ થયાં હતાં. કોર્ટે આરોપીને આજીવન કેદની સજા અને ૨૦,૦૦૦નો દંડ ફટકાર્યો હતો.

# કીટી પાર્ટીની આડમાં જુગાર રમતી ૬ મહિલા ઝડપાઈ

**પોલીસે** રૂ. ૨૦,૮૫૦ની રોકડ જપ્ત કરી



**પકડાયેલી 6 ગેમ્બલર મહિલાઓ**

રાધિકાબેન ધર્મેશભાઇ પડશાળા (રહે. કુમકુમ રેસિડેન્સી, સરથાણા)
કોમલબેન ચંદુભાઇ જાની (રહે. વૈભવ લક્ઝરીયા, પુણા કુંભારિયા)
સોનલબેન યોગેશભાઇ વેકરિયા (રહે. પીપળીયા ગામ, રાજકોટ)
નૈનાબેન ભરતભાઇ ગોસ્વામી (રહે. ઈશ્વરનગર સોસાયટી, પુણાગામ)
પ્રિયંકાબેન પ્રફુલભાઇ સોજીત્રા (રહે. વ્રજ વિવંતા, યોગીચોક)
જોત્સનાબેન મુકેશભાઇ બાબરિયા (રહે. ત્રિકમનગર સોસાયટી, વરાછા)
જય રવીભાઇ પટેલ (રહે. પ્રમુખછાયા સોસાયટી, યોગીચોક)

સુરતઃ સરથાણા ડી-માર્ટ ચાર રસ્તા પાસે આવેલી કુમકુમ રેસિડેન્સીમાં કિટી પાર્ટીની આડમાં જુગાર રમતી ૬ મહિલાઓ અને ૧ યુવકને રંગેહાથ ઝડપી પાડ્યા છે. સરથાણા પોલીસે દરોડો પાડી અંગઝડતી અને દાવ પરના મળી કુલ્લે રૂ. ૨૦,૮૫૦ની રોકડ રકમ તેમજ મુદ્દામાલ કબજે કર્યો છે.

સરથાણા ડી-માર્ટ ચાર રસ્તા પાસે આવેલી કુમકુમ રેસિડેન્સીમાં મળેલી બાતમીના આધારે સરથાણા પોલીસે દરોડો પાડ્યો હતો. અહીં પહેલા માળે આવેલા ફ્લેટ નંબર એ-૧૦૪માં કેટલીક મહિલાઓ જુગાર રમી રહી હતી. પોલીસે જુગાર રમતી ૬ મહિલાઓ અને ૧ પુરુષને ઝડપી લીધો હતો. ફ્લેટ માલિક રાધિકાબેન પડશાળા પોતાના મકાનમાં અન્ય મહિલાઓ અને યુવકને કીટી પાર્ટી આડમાં બોલાવી જુગાર રમાડતા હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે પંચોની રૂબરૂમાં તમામની અંગઝડતી લેતા રૂ. ૧૧,૫૩૦ તથા દાવ પરથી રૂ. ૯,૩૨૦ મળી કુલ્લે રૂ. ૨૦,૮૫૦ની રોકડ મુજબની રોકડ રકમ મળી આવી હતી.

## ઝેર પીધા બાદ ભાઇને જાણ કરી છતાં યુવકને બચાવી શકાયો નહીં

સુરતઃ વતનથી દોઢ વર્ષ પહેલા સુરત આવેલા કાપોદ્રાના યુવકે ઝેર પીને આપઘાત કરી લીધો હતો. મળેલી માહિતી મુજબ, મૂળ અમરેલી જિલ્લાના ધારી તાલુકાના વતની વિશાલ મગનભાઈ કોટડિયા (31 વર્ષ) હાલ કાપોદ્રા વિસ્તારમાં આવેલ રાજેશ્વરી સોસાયટીમાં રહેતો હતો અને વતનમાં ખેતીકામ કરતો હતો. દોઢ વર્ષ પહેલા તે સુરત આવ્યો હતો અને બાંધકામ સાઇટ પર કામ કરતો હતો. ગુરુવારે સાંજે તેણે ઝેર પીધા બાદ ભાઈને બનાવની જાણ કરી હતી. જેથી તેનો ભાઈ તેને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયો હતો. જ્યાં ટૂંકી સારવાર બાદ વિશાલનું મોત નિપજ્યું હતું.

## પંદરેક દિવસથી તાવ આવતા સરથાણાના રત્નકલાકારનું મોત

સુરતઃ પંદરેક દિવસથી તાવમાં સપડાયેલા સરથાણાના રત્નકલાકારનું મોત થયું હતું. મળેલી માહિતી મુજબ, મૂળ ભાવનગર જિલ્લાના ગારિયાધાર તાલુકાના વતની કિશોર વિઠ્ઠલભાઈ ડોબરિયા (41 વર્ષ) હાલ સરથાણા ગ્રીલ પાર્ક પાસે આવેલ અભિનંદન રેસિડેન્સીમાં એક પુત્ર અને એક પુત્રી સાથે રહેતા હતા. તેમને પંદરેક દિવસથી તાવ અને શરદી-ખાંસી થતી હતી. જેથી તે દવા પણ લઈ રહ્યા હતા. દરમિયાન ગુરુવારે રાત્રે તે ઘરમાં અચાનક બેભાન થઈને ઢળી પડ્યા હતા. જેથી પરિવારજનો તેમને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબે કિશોરને મૃત જાહેર કર્યા હતા.

## પાંડેસરામાં ખેંચની બીમારીથી કંટાળીને યુવકે ફાંસો ખાધો

સુરતઃ પાંડેસરામાં ખેંચની બીમારીથી કંટાળીને યુવકે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મૂળ મધ્યપ્રદેશના વતની માધુ રેન્જલયા ડાવર (33 વર્ષ) હાલ પાંડેસરા જીઆઈડીસી વિસ્તારમાં એક પુત્ર સહિતના પરિવાર સાથે રહેતો હતો અને મિલમાં નોકરી કરતો હતો. તેને ખેંચની બીમારી હતી તેનાથી કંટાળી તેણે ગુરુવારે પાઇપ સાથે વાયર બાંધી ફાંસો ખાઇ લીધો હતો.

## વરસાદ પહેલા પાલિકાની કડક કાર્યવાહી: ૬૪૮ જર્જરિત મિલકતોને નોટિસ

સુરતઃ વરસાદી સિઝન દરમિયાન જર્જરિત ઇમારતો ધરાશાયી થવાની શક્યતાઓને ધ્યાનમાં રાખી પાલિકાએ શહેરભરમાં પ્રિમોન્સૂન કામગીરી તેજ કરી છે. લોકોની જાનમાલની સુરક્ષા માટે તમામ ઝોનમાં બિસમાર મિલકતોનો સરવે હાથ ધરાતા કુલ ૬૪૮ મિલકતદારને નોટિસ ફટકારવામાં આવી હતી. તેમાં ૭૯ મિલકતમાં જરૂરી રિપેરિંગ પૂર્ણ કરાયું છે. જ્યારે અત્યંત જોખમી ગણાયેલી ૪૫૯ મિલકત ખાલી કરાવી તોડી પાડવામાં આવી છે. પાલિકા દ્વારા ખાડીપૂરની સમસ્યાવાળા વિસ્તારોમાં ડ્રેજિંગ, ડ્રેનેજ સફાઈ, પાણીની લાઈનોના લીકેજ દૂર કરવું તેમજ રોડ મરામત જેવી કામગીરી પણ યુદ્ધના ધોરણે ચાલી રહી છે. બીજી તરફ રિપેરિંગ લાયક ૧૧૧ મિલકતમાંથી ૯૮ મિલકતને ખાલી કરાવી સીલ મારવામાં આવી છે. નોટિસ છતાં પગલાં ન ભરનાર 33 મિલકતનાં પાણી અને ગટર કનેક્શન પણ કાપી નાંખવામાં આવ્યાં છે. પાલિકા સૂત્રોના જણાવ્યા મુજબ આવી મિલકતો સામે આગળ વધુ કડક કાર્યવાહી હાથ ધરાશે.

## વૃક્ષ કેટલાક લોકો માટે કબાટની ભૂમિકા પણ ભજવે છે



વૃક્ષ પર્યાવરણનું રક્ષણ કરે છે, શીતળ છાયાં આપે છે, ફળો અને ફૂલો આપે છે પરંતુ સુરતના કેટલાક વિસ્તારમાં તો વૃક્ષ સામાન મૂકવા માટે કબાટની ભૂમિકા પણ ભજવે છે. (તસવીર : સતીષ જાદવ)

# 4 જૂને લિંબાયત ઝોનમાં પાણીકાપ

**ગોડાદરા** જળવિતરણ મથકમાં ડીજીવીસીએલની કામગીરીને 3 લાખથી વધુ લોકોને અસર થશે

સુરત : મહાનગરપાલિકાના લિંબાયત ઝોન વિસ્તારમાં આવેલા ગોડાદરા જળ વિતરણ મથક ખાતે આગામી 4 જૂને વીજ મેન્ટેનન્સ કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી અનેક વિસ્તારોમાં પાણી પુરવઠો બંધ રહેશે. ડીજીવીસીએલ દ્વારા 22 કે.વી. વીજ સપ્લાય સાઇડ પર રીંગ મેઈન્સ યુનિટ સ્થાપિત કરીને તેને કાર્યરત કરવાની કામગીરી સવારે 10:30થી સાંજના 5 વાગ્યા સુધી ચાલશે. આ દરમિયાન વીજ પુરવઠો બંધ રહેતા પાણી વિતરણ પર સીધી અસર પડશે.

હાઈડ્રોલિક વિભાગના જણાવ્યા મુજબ, પાણી કાપને કારણે લિંબાયત ઝોનના ગોડાદરા અને આસપાસના વિસ્તારોમાં રહેતા અંદાજે 3 લાખથી વધુ નાગરિકોને અસર થવાની શક્યતા છે. પાલિકાએ નાગરિકોને અગાઉથી જરૂરી પાણીનો સંગ્રહ કરી બચતપૂર્વક ઉપયોગ કરવા અપીલ કરી છે. પાણી પુરવઠો બંધ રહેવાના કારણે દૈનિક જીવનમાં મુશ્કેલી ઊભી ન થાય તે માટે પાલિકાએ આગોતરી તૈયારી રાખવા સૂચન કર્યું છે. ખાસ કરીને સવારના સમયગાળામાં પાણી પર આધારિત ઘરેલુ અને વ્યવસાયિક પ્રવૃત્તિઓ પ્રભાવિત થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

**સવારે 9:30થી સાંજે 4:30 સુધી પાણી કાપથી અસરગ્રસ્ત વિસ્તારો**

આસપાસનગર, ખોડીયારનગર, મહારાણા પ્રતાપ સોસાયટી, પ્રિયંકા-3 અને 4, નિલકંઠનગર, દેવીદર્શન, ઋષિનગર, પ્રિયંકા મેગાસીટી, ધીરજનગર-1 અને 2, શિવપાર્ક, પટેલનગર, શિવસાગર, સુડા આવાસ, ગોડાદરા ગામતળ, માનસરોવર એ-બી-સી-ડી, વૃંદાવન, ઇન્દ્રલોક, સ્વામીનારાયણનગર, કૃષ્ણાપાર્ક, શામળાધામ, રઘુવીર રો હાઉસ, લક્ષ્મીનારાયણ સહિત સંબંધિત તમામ સોસાયટીઓ.

**સવારે 6થી બપોરે 12:30 સુધી પાણી કાપથી અસરગ્રસ્ત વિસ્તારો**

ગુરુનગર, વીરદર્શન, હરેકૃષ્ણા, વૃંદાવન, નંદનવન, પ્રિયંકા સિટીપ્લસ, જે.બી.નગર, લક્ષ્મી પાર્ક સહિતની સોસાયટીઓ તેમજ સ્કાય વ્યૂ હાઇટ્સ, સ્કાયલોમ હાઇટ્સ, સેફાયર-8 અને સંબંધિત વિસ્તારો.

# જમાઈને માર મારી પ્રેમલગ્ન કરનાર પુત્રીનું કારમાં અપહરણ

**કુળદેવીની** માનતા હોવાનું કારણ આપી પુત્રી અને જમાઇને કતારગામમાં કાકાના ઘરે બોલાવ્યા હતા

**લોહીલુહાણ** હાલતમાં જમાએ કરેલી ફરિયાદના આધારે યુવતીના પરિવારના ૪ સભ્ય સહિત છ સામે ગુનો

સુરત : દીકરીના પ્રેમલગ્નથી નારાજ પરિવારે જમાઈ પર જીવલેણ હુમલો કર્યો હતો અને પોતાની દીકરીનું જાહેરમાં અપહરણ કરી ગયા હોવાની સનસનાટીભરી ઘટના પ્રકાશમાં આવી છે. વરાછા વિસ્તારમાં રહેતા યુવકને કતારગામ ખાતે કાકાના ઘરે કાકાના ઘરે કુળદેવીની માનતાના માનતા હોવાનું કહી વિશ્વાસમાં લઈ બોલાવાયો હતો. ત્યારબાદ પરિવાર જનો પુત્રીને ઉપાડી ગયા હતા. આ બનાવની ફરિયાદ થતાં સિંગણપોર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વરાછા લંબે હનુમાન રોડ પર આવેલી સૈફ સોસાયટીમાં રહેતો ૨૪ વર્ષીય ઋષિ રાજેશભાઈ પટેલ વીડિયો એડિટર છે. થોડા સમય પહેલાં તેણે કેના નામની યુવતી સાથે પ્રેમલગ્ન કર્યા આ લગ્ન આંતરજ્ઞાતિય હોવાથી પરિવારજનો અત્યંત નારાજ હતા તેમણે યેનકેન પ્રકારે પુત્રીને પરત લાવવાનું વિચારી લીધું હતું. જેથી તેમણે એક કાવતરુ રચ્યું હતું અને તે પ્રમાણે ઋષિ અને કેનાને એવું કહીને કતારગામ હાથી મંદિર પાસે ‘લક્ઝરીયા’ ખાતે રહેતા તેના કાકાના ઘરે બોલાવ્યા હતા. નામે ત્યાં બોલાવાયા હતાં. પ્રેમલગ્ન કરનાર દંપતિ જેવું ત્યાં પહોંચ્યું ત્યારે કેનાના પિતા વિપુલભાઈ કરશનભાઈ સુતરિયા, માતા શીતલબેન સુતરિયા, બોટાદના રાણપુરના જાળીયા ગામેથી આવેલા આશિષ કરશનભાઈ સુતરિયા તેમજ મીનાબેન અને અન્ય બે અજાણ્યા શખ્સોએ ઋષિ હુમલો કરી તેને લોહી લુહાણ કરી નાંખ્યો હોત.

આ દરમિયાન ઋષિએ પોતાની પત્નીને બચાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ હુમલાખોરોએ નવપરિણીત કેનાનું તેની નજર સામે જ બળજબરીથી અપહરણ કરી લીધું હતું અને ગાડીમાં બેસાડી નાસી છૂટ્યા હતા. પીડિત યુવકની ફરિયાદના આધારે કેનાના માતા-પિતા સહિત ૬ લોકો સામે અપહરણ અને રાયોટિંગનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સુરત સ્ટેશન પર રિડેવલપમેન્ટની કામગીરી: કેટલીક ટ્રેનો 31 મેથી ૧૦ જૂન સુધી પ્રભાવિત રહેશે

સુરત : સુરત સ્ટેશન પર પ્લેટફોર્મ નંબર ૦૨/૦૩ અને ૦૪ વચ્ચે ‘થ્રુ રૂફ’ નાખવાની કામગીરી ચાલી રહી છે. આ કામગીરી માટે લેવામાં આવેલા ટ્રાફિક બ્લોકની સમયસીમામાં વધારો કરવામાં આવ્યો છે, જેના કારણે કેટલીક ટ્રેનોના સંચાલનમાં ફેરફાર કરવામાં આવ્યા છે. ટ્રેન નંબર ૧૨૯૩૫ (BDTS-ST): આ ટ્રેન ઉધના (UDN) સ્ટેશન સુધી જ ટૂંકાવવામાં આવશે, તેથી આ ટ્રેન ઉધના અને સુરત વચ્ચે રદ રહેશે. ટ્રેન નંબર ૨૦૯૨૫ (ST-AMI): આ ટ્રેન ઉધના (UDN) સ્ટેશનથી જ ઉપડશે, જેના કારણે સુરત અને ઉધના વચ્ચે આ ટ્રેન રદ રહેશે. ટ્રેન નંબર ૨૦૯૨૬ (AMI-ST): આ ટ્રેનને ઉધના (UDN) સ્ટેશન પર ટૂંકાવવામાં આવશે, જેથી તે ઉધના અને સુરત વચ્ચે રદ રહેશે.

# ફોસ્ટાનું ઈલેક્શન 20 જૂને યોજાશે, ચૂંટણી કમિટીનો નિર્ણય

**જીએસટીમાં** દર્શાવેલા સરનામા મુજબ સંબંધિત માર્કેટમાંથી જ ચૂંટણી લડવાનો અધિકાર મળશે

સુરતઃ શુક્રવારે સાંજે ફોસ્ટા કાર્યાલય ખાતે ફેડરેશન ઓફ સુરત ટેક્સટાઈલ ટ્રેડ એસોસિયેશન (ફોસ્ટા)ની ઇલેક્શન કમિટીની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ફોસ્ટાના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી 20 જૂને શનિવારે યોજવાની જાહેરાત ચૂંટણી કમિટીએ કરી છે.

આ પૂર્વે ફોસ્ટાના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મહત્ત્વપૂર્ણ બેઠક 22 એપ્રિલ-2026ના રોજ યોજાઈ હતી. આ બેઠકમાં હાજર તમામ ડિરેક્ટર્સ દ્વારા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી સર્વસંમતિથી ચૂંટણી પ્રક્રિયા સંબંધિત અગત્યના નિર્ણયો લેવામાં આવ્યા હતા. બેઠકમાં લેવામાં આવેલા મુખ્ય નિર્ણયો મુજબ, ફોસ્ટાની આવનારી ચૂંટણીમાં ભાગ લેવા માટે સદસ્યતા અને મેઇન્ટેનન્સ ફી સંબંધિત ચોક્કસ માપદંડ નક્કી કરવામાં આવ્યા છે.

જે વેપારી સભ્યોનો સદસ્યતા ફી તા.30 એપ્રિલ-2026 સુધી ફોસ્ટા કાર્યાલયમાં પ્રાપ્ત થશે, તે જ સભ્યોને ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવા તેમજ મતદાન કરવાનો અધિકાર મળશે.

ફોસ્ટાએ સદસ્યતાને ત્રણ કેટેગરીમાં વિભાજિત કરી છે, પ્લેટિનમ, ડાયમંડ અને ગોલ્ડ. દરેક માર્કેટમાંથી દરેક કેટેગરીમાં માત્ર એક જ ઉમેદવાર ચૂંટણી લડી શકશે, જ્યારે મતદાનનો અધિકાર તમામ સભ્યોને મળશે. જે માર્કેટ્સ દ્વારા મેઈન્ટેનન્સ ફી તા.30 એપ્રિલ-2026 સુધી ફોસ્ટા કાર્યાલયમાં જમા કરવામાં આવશે, તે જ માર્કેટ્સના સભ્યોને ઉમેદવારી નોંધાવવાનો અધિકાર મળશે. બાકી રહેલ મેઈન્ટેનન્સ ફી ધરાવતા માર્કેટ્સના સભ્યોને માત્ર મતદાનનો અધિકાર મળશે, ઉમેદવારીનો નહીં. ઉપરાંત જે સભ્યો કોઈ માર્કેટના બદલે સિંગલ હાઉસ અથવા અન્ય વિસ્તારમાં વેપાર કરે છે અને ફોસ્ટાની કોઈપણ કેટેગરીમાં સભ્ય છે, તેમને ચૂંટણીમાં ઉમેદવાર બનવા માટે એક વર્ષનું મેઈન્ટેનન્સ શુલ્ક તા.30 એપ્રિલ-2026 સુધી જમા કરાવવું ફરજિયાત રહેશે. અન્યથા તેઓ માત્ર મતદાન કરી શકશે. મેઈન્ટેનન્સ માટે ફોસ્ટાએ ત્રણ શ્રેણી (1-250 દુકાન, 251-750 દુકાન, 751થી વધુ દુકાન) નક્કી કરી છે, જેમાં સિંગલ હાઉસ A કેટેગરી (1-250 દુકાન)માં આવે છે.

# હની ટ્રેપ કેસમાં ચૌટા પુલના મેહુલ જડીયાની જામીન અરજી મંજૂર

**કપડાંના** વેપારીના પિતા પાસેથી લાખો રૂપિયા અને દાગીના પડાવવાનો કેસ હતો

સુરતઃ રેડીમેડ લેડીસ કપડાંનાં વેપારીના પિતાને હની ટ્રેપમાં ફસાવી પિતાને બ્લેક મેલ કરી રૂપિયા ૩૯ લાખ રોકડા, ૧૩૦ તોલા સોનાં,૫ કિલો ચાંદી પડાવી લેવાનાં કેસમાં આરોપી મેહુલ અરુણકુમાર જડિયાની જામીન અરજી સેશન્સ કોર્ટે મંજૂર કરી હતી.

આ કેસમાં અઠવા પોલીસ સ્ટેશને નોંધાયેલી ફરિયાદ મુજબ આરોપી મેહુલભાઈ જડિયા, વિનોદભાઈએ ફરિયાદીનાં પિતાને બારડોલી પલસાણા હાઈવે ખાતે લઈ જઈ એક અજાણી છોકરીને ત્યાં બોલાવી તેની સાથે ફરિયાદીનાં પિતાજીનાં નગ્ન અવસ્થાનો વિડીયો બનાવી લીધો હતો. જે વિડીયોનાં આધારે બ્લેકમેઈલ કરી બળાત્કાર જેવા ગંભીર ગુનામાં ફસાવી દેવાની ધમકી આપતાં ફરિયાદીનાં પિતા પાસેથી રૂ ૩૯ લાખની એફડી તોડાવી બળજબરીથી લઈ ગયાં હતા. તેમજ આશરે ૧૩૦ તોલાના દાગીના અને ૫ કિલો ચાંદીના દાગીના તથા ચાંદીના સિક્કા પણ સેફમાંથી બળજબરી પુર્વક કઢાવી લઈ તે દાગીના યુસુફભાઈ ચોકસી (મોટા મંદીર પાસે ચૌટાપુલ) સાથે મળી તમામ દાગીના વેચાણ કરી તેના રુપિયા મેળવી લઈ બાદમાં આ દાગીનાના ફોટા આધારે ડુપ્લિકેટ દાગીનાઓ બનાવડાવી તે દાગીનાઓ સેફમાં મુકાવી દીધા હતા. આ કેસમાં ચાર્જશીટ થયા બાદ જેલવાસ ભોગવતાં આરોપી મેહુલે સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. બંન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપીની જામીન અરજી મંજૂર કરી હતી.

**હરિધામ સોસાયટીમાં ‘હોટ ફિક્સિંગ’ના નામે બાળપણ સળગતું હતું**

# મહિને ૫ હજાર પગારમાં બાળકો પાસે ૯ કલાક મજૂરી કરાવાતી હતી

**બાળમજૂરી** કરતાં ૧૨ છોકરાઓ અને ૧૧ છોકરીને મુક્ત કરાવાયાં



સુરતઃ સુરતના વરાછા વિસ્તારમાં આવેલી હરિધામ સોસાયટીમાં બાળમજૂરીના કાળા કારોબારનો પર્દાફાશ થયો છે. જિલ્લા ટાસ્ક ફોર્સ દ્વારા હાથ ધરાયેલી સ્પેશિયલ ડ્રાઈવ દરમિયાન હોટ ફિક્સિંગના જોખમી કામમાં જોડાયેલા ૨૩ બાળકો અને કિશોરોને મુક્ત કરાવવામાં આવ્યા હતા. બાળકોને ઓછા પગારમાં લાંબા કલાકો સુધી કામ કરાવવામાં આવતું હોવાનું બહાર આવ્યું છે.

જિલ્લા ટાસ્ક ફોર્સની ટીમમાં શ્રમ વિભાગ, સુરત મનપા, ફેક્ટરી નિરીક્ષક, ચાઈલ્ડ લાઈન-૧૦૯૮, AHTU, શી-ટીમ તથા ‘પ્રયાસ’ સંસ્થાના પ્રતિનિધિઓ જોડાયા હતા. ટીમે હરિધામ સોસાયટીમાં દરોડા પાડી તપાસ કરતાં ૧૨ છોકરાઓ અને ૧૧ છોકરીઓ બાળમજૂરી કરતા મળી આવ્યા હતા. મુક્ત કરાયેલા બાળકોમાં ૧૪ થી ૧૮ વર્ષની વયના તરુણો અને બાળકીઓનો સમાવેશ થાય છે. તેઓ મુખ્યત્વે ગુજરાત અને રાજસ્થાનના વતની હોવાનું જાણવા મળ્યું છે. બાળકો છેલ્લા એકથી બે મહિનાથી સવારે ૯ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી હોટ ફિક્સિંગનું જોખમી કામ કરતા હતા. બદલામાં તેમને માસિક માત્ર રૂ.૫ હજારથી રૂ.૧૦ હજાર સુધીનું વેતન આપવામાં આવતું હતું. તપાસ દરમિયાન સંચાલકો પાસે બાળકોની ઉંમર સંબંધિત કોઈ દસ્તાવેજ કે પુરાવા મળી આવ્યા ન હતા. બાળ સુરક્ષા અને માનવ અધિકારને ધ્યાનમાં રાખીને તમામ બાળકોને બાળ કલ્યાણ સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. હાલ છોકરાઓને કતારગામ સ્થિત વી.આર. પોપાવાલા ચિલ્ડ્રન હોમમાં અને છોકરીઓને રાંદેર સ્થિત ગર્લ્સ ચિલ્ડ્રન હોમમાં સુરક્ષિત રાખવામાં આવ્યા છે. જિલ્લા બાળ સુરક્ષા એકમના જણાવ્યા મુજબ બાળકોની ઉંમરના પુરાવા એકત્રિત કર્યા બાદ બાળમજૂરી કરાવનાર માલિકો સામે બાળમજૂરી પ્રતિબંધક કાયદા હેઠળ કડક કાર્યવાહી હાથ ધરાશે.

# ઉધનામાં તરછોડાયેલું ભ્રૂણ યુવતીની નાનીએ સળગાવીને કચરામાં ફેંક્યું હતું

**કુંવારી** યુવતીને પ્રેમીએ ગર્ભપાતની દવા આપી, મહારાષ્ટ્રની ૧૯ વર્ષીય યુવતીની અટકાયત

**યુવતી** સગીરા છે કે કેમ તે જાણવા DNA ટેસ્ટ અને ID કાર્ડની તપાસ શરૂ

સુરતઃ ઉધના ભીમનગર બ્રીજ નીચે ગત બુધવારના રોજ કચરાના ઢગલામાં બળેલી હાલતમાં તરછોડાયેલું ભ્રૂણ મળી આવ્યું હતું., ઘટનાની ગંભીરતા જોઈ ઉધના પોલીસે સીસીટીવી ફૂટેજ અને સચોટ બાતમીના આધારે ગણતરીના કલાકોમાં જ મહારાષ્ટ્રના શહાદા તાલુકાની ૧૯ વર્ષીય યુવતીની અટકાયત કરી લીધી હતી. પ્રાથમિક પૂછપરછમાં આ ભ્રૂણ પોતાનું જ હોવાની કબૂલાત યુવતીએ કરતાં પોલીસ પણ ચોંકી ઉઠી છે.

આ યુવતી કુંવારી હોવા છતાં ગર્ભવતી બની ગઈ હતી. સમાજમાં બદનામીના ડરથી ગર્ભપાત કરાવવાના ઈરાદે જ તે મહારાષ્ટ્રથી સુરત પોતાના નાનીના ઘરે આવી હતી. તેના પ્રેમીએ તેને ગર્ભપાત કરાવવા માટેની પ્રતિબંધિત દવાઓ (ગોળીઓ) આપી હતી. યુવતીએ આ ગોળીઓ ગળી લીધા બાદ ગર્ભપાત થયો હતો. ત્યારબાદ પાપ છૂપાવવાના ઈરાદે તેની સગી નાની આ ભ્રૂણને પ્લાસ્ટિકમાં વીંટીને ઉધના વિસ્તારમાં લઈ ગઈ હતી અને જ્યાં કચરો સળગી રહ્યો હતો ત્યાં ફેંકી દીધું હતું. કચરામાં પહેલાથી આગ લાગેલી હતી કે પુરાવાનો નાશ કરવા માટે આગ ચાંપવામાં આવી હતી, તે દિશામાં પણ પોલીસે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.

પકડાયેલી યુવતી પોતાને ૧૯ વર્ષની ગણાવી રહી છે, પરંતુ પોલીસને તેની શારીરિક સ્થિતિ અને વાતો પરથી ઉંમર અંગે આશંકા છે. આથી ઉધના પોલીસે યુવતીના તમામ ઓળખપત્રો (આઈડી કાર્ડ) કબજે કરી તપાસ શરૂ કરી છે. યુવતી ખરેખર પુખ્ત વયની છે કે સગીરા, તે સત્તાવાર રીતે સાબિત કરવા માટે પોલીસ તેનો મેડિકલ અને DNA ટેસ્ટ કરાવશે. જો યુવતી સગીર વયની નીકળશે તો કાયદાનો સકંજો વધુ કડક બનશે અને તેના પ્રેમી સામે પોક્સો સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધાશે.

ભ્રૂણને કચરામાં ફેંકનાર નિર્દયી નાની સામે પુરાવાનો નાશ કરવા બદલ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરાઈ છે. બીજી તરફ, ગર્ભપાતની દવાઓ સપ્લાય કરનાર પ્રેમીને દબોચી લેવા માટે ઉધના પોલીસે મહારાષ્ટ્ર તરફ ચક્રો ગતિમાન કર્યા છે.

# ફિયાન્સી અન્ય યુવક સાથે વાત કરતી હોવાથી યુવકનો આપઘાત

**હનીપાર્ક** રોડના પ્રતિક્ષા રો હાઉસમાં રહેતો અંકુ રાણા ONGC બ્રિજ પર મોબાઈલ ફોન અને બાઈક મૂકી તાપીમાં કૂદી ગયો

સુરતઃ ફિયાન્સી અન્ય યુવક સાથે વાત કરતી હોવાની જાણ થઈ જતા અડાજણના યુવકે ONGC બ્રિજ પર મોબાઈલ ફોન અને બાઈક મૂકી તાપીમાં કૂદી આપઘાત કરી લીધો હતો. રાહદારીએ છેલ્લા ફોનથી મૃતકના શેઠને બનાવની જાણ કરતા પરિવાર સહિતના લોકો દોડી આવ્યા હતા.

અડાજણ હનીપાર્ક રોડ પર આવેલા પ્રતિક્ષા રો-હાઉસમાં અંકુર મહેન્દ્રભાઈ રાણા (27 વર્ષ) પરિવાર સાથે રહેતો હતો અને એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતો હતો.

વર્ષ પહેલા સમાજની યુવતી સાથે તેની સગાઈ થઈ હતી. તે યુવતી અન્ય યુવક સાથે વાતો કરતી હતી. જે વાતની અંકુરને જાણ થઈ ગઈ હતી. જે વાતનું માઠું લગાવીને અંકુરે ગુરુવારે રાત્રે 8 વાગ્યાના સુમારે કોઈને કહ્યા વગર ઘરેથી નીકળી ગયો હતો અને ઓએનજીસી બ્રિજ પર પહોંચ્યો હતો. જ્યાં બ્રિજ પર તેએ મોબાઈલ ફોન અને બાઈક મુકીને તાપી નદીમાં પડતું મૂક્યું હતું. બનાવની જાણ રાહદારીઓને થતા તેઓએ અંકુરના મોબાઈલ ફોનના છેલ્લા ફોનના આધારે તેના શેઠને બનાવની જાણ કરી હતી. જેથી અંકુરના પરિવાર સહિતના લોકો બ્રિજ પર દોડી આવ્યા હતા અને ફાયર તેમજ પોલીસને જાણ કરી હતી. દરમિયાન આજે સવારે પીપલોદ વેલેન્ટાઈન સિનેમાની પાછળ પમ્પિંગ પાસેથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો. ફાયરના માણસોએ મૃતદેહ બહાર કાઢીને ઈચ્છાપોર પોલીસને સોંપ્યો હતો.